સ્પે.દિવાની મુકદમા નંબર.૨૧/૨૦૨૦_

**-:: પ્રતીવાદી તરફે આંક- ૧૮ તથા આંક ૧૯ થી વાદીનો દાવો સી.પી.સી અર્ડર ૭ રૂલ ૧૧ (સી) મુજબ રદ્દ કરવાની અરજી લગત હુકમ ::-**

(૧) હાલના કામે વાદી દ્વારા તા.૧૬/૩/૨૦૨૦ ના રોજ કરારના વિશેષ પાલન તથા કાયમી મનાઈ હુકમ મેળવવા હાલનો દાવો કરેલ છે તેમજ વાદીએ તા.૧૬/૩/૨૦૨૦ ના રોજ કોર્ટ ફી સ્ટેમ્પ દિન ૧૦ મા રજુ કરવા અરજી આપતા વાદીને કોર્ટ ફી સ્ટેમ્પ રજુ કરવા દિન ૧૦ નો સમય આપવામા આવેલ ત્યારબાદ વાદીએ કોર્ટ ફી રજુ કરેલ નથી તેમજ ત્યારબાદ પણ વાદીએ આંક-૧૩ થી તા.૧૦/૮/૨૦૨૧ ના રોજ,આંક-૧૪ થી તા.૩/૯/૨૧ ના રોજ,આંક-૧૫ થી તા.૧૮/૧૨/૨૧ ના રોજ,આંક-૧૬ થી તા.૨૫/૨/૨૦૨૨ ના રોજ, આંક-૧૭ થી તા.૮/૪/૨૨ થી કોર્ટ ફી સ્ટેમ્પ રજુ કરવા મુદત આપવામા આવેલ છે તેમજ આજરોજ પણ વાદી હાજર નથી કે વાદીના વિદ્વાન વકિલશ્રી હાજર થઈ કોર્ટ ફી સ્ટેમ્પ રજુ કરેલ ન હોય જેથી ન્યાયના હીતમા નીચે મુજબ હુકમ કરવામા આવે છે.

**:: હુકમ ::**

૧. પ્રતીવાદીની આંક-૧૮ તથા ૧૯ મુજબની અરજી આથી મંજુર કરવા હુકમ કરવામા આવે છે.

૨. વાદીની દાવા અરજી ઓ.૭ રૂલ ૧૧(સી) રદ કરવા હુકમ કરવામા આવે છે.

૩. હુકમ મુજબ હુકમનામુ દોરવુ.

પ્રતીવાદીને થયેલ ખર્ચ વાદીએ ભોગવવુ.

હુકમ આજરોજ તા.૧૭મી માહે-ફેબ્રુઆરી, સને-૨૦૨૩નાંરોજ ખુલ્લી અદાલતમા જાહેર કર્યો.

તા.૧૭/૦૨/૨૦૨૩<br>
રાજકોટ

(કિર્તીકુમાર મનોજકુમાર ગોહેલ)<br>
૧૫મા એડી.સીનીયર સીવીલ જજ.રાજકોટ<br>
જજકોડ જીજે૦૧૧૨૦